For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



■ હજીરા રોડ પર વિસર્જન માટે શનિવારે પણ આખો દિવસ આશરે 7થી 8 કિ.મી. જેટલી ગણેશપ્રતિમાઓની લાઈનો લાગેલી રહી હતી. (ત.: હેમંત)

# ગણેશ વિસર્જન કાર્ય 46 કલાક ચાલ્યું છેલ્લી પ્રતિમાનું હજીરા ખાતે વિસર્જન

**ગુરુવારે** રાત્રે 12 વાગ્યાથી શરૂ થયેલું વિસર્જન શનિવારે રાત્રે પોણા દસ કલાકે પૂરું થયું

**કૃત્રિમ** તળાવ અને મગદલ્લા-ડુમસ ખાતે શુક્રવારે જ વિસર્જન કાર્ય પૂરું પણ હજીરા ખાતે શનિવારે પણ ચાલું રહ્યું


**હજીરા** બોટ પોઈન્ટ ઓવારા ખાતે 15 ક્રેઈન દ્વારા 15 ફૂટથી મોટી 798 પ્રતિમાનું વિસર્જન કરાયું



સુરતઃ સુરતમાં મહાકાય પ્રતિમાઓની સ્થાપનાના વધેલા ટ્રેન્ડને પગલે ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂવારે મધરાત્રિથી શરૂ થયેલું વિસર્જન કાર્ય 46 કલાક બાદ શનિવારે રાત્રે પુરૂ થયું હતું. વિસર્જન કાર્ય છેલ્લે હજીરાના બોટ ઓવારા પર ચાલ્યું હતું અને રાત્રે પોણા દસ કલાકે ગોપીપુરાના ઘોઘારાણાની શેરીના હરિ ગ્રુપની છેલ્લી પ્રતિમાનું વિસર્જન કરાયું હતું. શનિવારે પણ ચાલુ રહેલા હજીરા ઓવારા પર કુલ વિસર્જનમાં ઘટાડો થયો હોવા છતાં મોટી પ્રતિમાઓ ૩૫૦થી વધીને ૭૯૮ થઈ જવાને કારણે વિસર્જનનો સમય પણ ગત વર્ષના ૩૨ કલાકથી વધીને ૪૦ કલાક થયો હતો. હજીરામાં 40 કલાકમાં કુલ 6700 ગણેશ પ્રતિમા વિસર્જન કરાયું હતું. હજીરા બોટ પોઈન્ટ ઓવારા ખાતે આ સમગ્ર વિસર્જન વ્યવસ્થાનું આયોજન રાધેકૃષ્ણ ગ્રુપ તરફથી સતિશ પટેલ અને મુકેશ

...અનુસંધાન પાના 7 પર

હજીરા ખાતે છેલ્લી વિસર્જીત ગોપીપુરા ઘોઘા રાણાની શેરીની પ્રતિમા



## વિસર્જન માટે મહાકાય પ્રતિમાઓની લાઈનોને કારણે હજીરાની કંપનીના ટ્રાન્સપોર્ટ વાહનોનો 9 કિ.મી. ટ્રાફિક જામ થઈ ગયો

હજીરા ખાતે વિસર્જન માટે લઈ જવાયેલી મહાકાય પ્રતિમાઓની લાઈનો શનિવારે હજીરા રોડ પર લાગેલી હોવાને કારણે હજીરાની ટ્રાન્સપોર્ટ કંપનીઓમાં જનારા ટ્રાન્સપોર્ટ વાહનોનો પણ આશરે 9 કિમી જેટલો ચક્કાજામ લાગી ગયો હતો. વિસર્જનયાત્રાને કારણે હજીરાની કંપનીઓના માલ-સામાનના આવાગમન માટે પણ મુશ્કેલીઓ પડી હતી.

## હજીરામાં લાંબા ચાલેલા વિસર્જન કાર્યને કારણે ભક્તોએ હજીરા રોડ પર જ રાતવાસો કરવો પડ્યો



15 ફુટથી તમામ મોટી પ્રતિમાઓને હજીરા ખાતે મોકલવામાં આવી હોવાથી વિસર્જનકાર્યમાં વિલંબ થતાં ગણેશભક્તોએ વિસર્જનસ્થળ પર જ આખી રાત આરામ કરવો પડ્યો હતો. મંડળના આયોજકોએ પોતાની પ્રતિમાનો વારો આવે તે માટે હજીરા રોડ પર જ્યાં જગ્યા મળી ત્યાં રાતવાસો કર્યો હતો.

## 9 ફૂટથી મોટી ગત વર્ષની 350માંથી આ વર્ષે મોટી પ્રતિમાઓની સંખ્યા વધીને 798 થઈ ગઈ

હજીરા ખાતે આ વર્ષે વિસર્જન માટે આવેલી મોટી પ્રતિમાઓની સંખ્યાએ બદલાયેલો ટ્રેન્ડ દર્શાવ્યો હતો. ગયા વર્ષે ૯ ફૂટથી મોટી ૩૫૦ પ્રતિમાઓનું વિસર્જન થયું હતું, જ્યારે આ વર્ષે આવી ૭૯૮ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. એટલે કે માત્ર એક વર્ષમાં મોટી પ્રતિમાઓની સંખ્યામાં ૪૪૮નો વધારો નોંધાયો છે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો મોટી પ્રતિમાઓમાં આશરે ૧૨૮ ટકાનો વધારો થયો છે.

## અમારી પ્રતિમાનું છેલ્લે વિસર્જન કરજો, હજીરામાં કોટ વિસ્તારનાં જ બે મંડળો વચ્ચે માથાકૂટ ચાલી

સામાન્ય રીતે પહેલી મૂર્તિ વિસર્જન કરવા માટે લઈને સ્પર્ધા થતી હોય છે. પરંતુ આ વખતે હજીરા ઓવારા ઉપર છેલ્લી મૂર્તિ વિસર્જન કરવાને લઈને માથાકૂટ ચાલી હતી. કોટ વિસ્તારની વિશાળ બે પ્રતિમાઓ લઈને પહોંચેલા મંડળોએ તેમની મૂર્તિ છેલ્લી વિસર્જીત કરવામાં આવે તેવા આગ્રહ સાથે આનાકાની કરી હતી. પરંતુ રાધેકૃષ્ણ ગ્રુપ દ્વારા નંબર મુજબ આવેલી પ્રતિમાઓ લાઈન પ્રમાણે જ વિસર્જીત થશે તેવું કહ્યું હતું.

# ગણેશ વિસર્જનના દિવસે જ વિવિધ અકસ્માતમાં 5નાં મોત

સુરતઃ સુરતમાં ગણેશ વિસર્જનનો દિવસ ગોઝારો રહ્યો હતો. વિસર્જન યાત્રા જોવા જવાની સાથે વિસર્જનના કાર્યમાં સંકળાયેલાનું મોત થયું હતું, તો વિસર્જન પુરૂં કરીને ઘરે પરત આવતા તરુણ ટ્રેક્ટરમાંથી પટકાતાં મોતને ભેટ્યો હતો. વિસર્જન દરમિયાન જ ચાર વર્ષનો બાળક કચડાઈ ગયો હતો. તો બારડોલીના મજૂરને હાથમાં ગણેશ પ્રતિમા સાથે ખેંચ આવી જતાં તેનું મોત થયું હતું.

## સચિનમાં વિસર્જન યાત્રા જોવા ગયેલા 2 મિત્રોની બાઈક ઝાડ સાથે અથડાતાં 1નું મોત

સુરતઃ લિંબાયત ખાતે આવેલી રૂકમણી સોસાયટીમાં 30 વર્ષીય રાજ દેવસિંગ રાજપૂત પરિવાર સાથે રહેતો હતો અને સાડી ફોલ્ડિંગનું કામ કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. શુક્રવારે સાંજે રાજ મિત્ર વિજય કોળી સાથે બાઇક પર સચિન ખાતે વિસર્જન યાત્રા જોવા માટે ગયો હતો. બંને મિત્રો યાત્રા જોઈને પરત ઘરે આવી રહ્યા હતા. ત્યારે સચિન મોહિણી ગામ ખાતે તેઓની બાઇક એક ઝાડ સાથે અથડાઈ હતી. જેમાં બંને મિત્રોને ગંભીર ઇજાઓ થતા બંનેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રાજનું મોત થયું હતું. જ્યારે તેનો મિત્ર વિજય હાલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું. બનાવને પગલે સચિને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વિસર્જન જોવા વરિયાવ બ્રિજ પર નીકળેલા યુવકે ટ્રેક્ટરની પાછળ બાઇક ઠોકી દેતા મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની બાળકૃષ્ણ લક્ષ્મણ પવાર (46 વર્ષ) હાલમાં કોસાડ આવાસમાં પરિવાર સાથે રહેતા હતા અને કાપડ માર્કેટમાં નોકરી કરતા હતા. શુક્રવારે રાત્રે બાળકૃષ્ણ બાઈક લઈને યાત્રા જોવા માટે નીકળ્યા હતા. દરમિયાન વરિયાવ બ્રિજ પર ચાલુ ટ્રેક્ટરની પાછળ તેઓએ બાઇક ઠોકી દીધી હતી. જેથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે સિંગણપોર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વિસર્જનના દિવસે અનેક અકસ્માત થયા હતા. જેમાં આ એક અકસ્માત હતો. બાઈક ભટકાતાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને કારણે તેનું મોત થયું હતું જેને કારણે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

## ડુમસ રોડ પર ગણેશ વિસર્જન કરીને પરત ફરતા તરુણનું ચાલુ ટ્રેક્ટરમાંથી પટકાતાં મોત

સુરતઃ મૂળ દાહોદના વતની મનીષભાઈ મુનિયા હાલમાં વેસુ વિસ્તારમાં આવેલી એ.બી સ્ટોન નામની કંપનીમાં રહે છે અને કડિયા કામ કરે છે. તેમના સંતાન પૈકી 15 વર્ષીય રોહિતે ધોરણ-10 સુધીનો અભ્યાસ કર્યો હતો. શુક્રવારે રોહિત મિત્રો સાથે ટ્રેક્ટરમાં ગણેશ વિસર્જન કરવા માટે ડુમસ ગયો હતો. ત્યાથી ઘરે પરત આવી રહ્યો હતો. ત્યારે ડુમસ રોડ પર તે ચાલુ ટ્રેક્ટરમાંથી નીચે પડી ગયો હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે તેનું મોત થયું હતું. બનાવને પગલે ડુમસ પોલીસે ઘટના કેવી રીતે બની તેની વધુ તપાસ હાથ ધરી છે.

# વિસર્જન જોવા ગયેલા 4 વર્ષના બાળકને રિવર્સ લેતી કારે કચડી નાંખતાં મોત

**એ.કે.** રોડની સૌરાષ્ટ્ર સોસાયટીમાં આગળ વિસર્જન ચાલતું હોવાથી કાર રિવર્સ લીધી

**રિવર્સ** કારે શુભમને અડફેટમાં લઈ લીધો અને ગંભીર ઈજાને કારણે સ્મીમેરમાં મોત

### પેટનાં આંતરિક અંગો ફાટવાથી બ્લીડિંગ થતા મોત થયું

સ્મીમેરના ફોરેન્સિક મેડિસિન વિભાગના ડો. સંદીપ રલોતીએ જણાવ્યું કે, શુભમના પેટના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઈજાના કારણે પેટના આંતરિક અંગો ફાટી જવાથી અંદરથી ભારે રક્તસ્ત્રાવ થયો હતો. આ આંતરિક રક્તસ્ત્રાવના કારણે શુભમનું મોત થયું હતું.

સુરતઃ એ.કે. રોડ પર આવેલી સૌરાષ્ટ્ર સોસાયટીમાં ગણેશ વિસર્જન જોવા ગયેલા ચાર વર્ષના બાળકને કાર ચાલકે અડફેટે લેતા કરુણ મોત થયું હતું. આગળ ગણેશ વિસર્જનની યાત્રા ચાલી રહી હોવાથી કારચાલક કાર રિવર્સ લઈ રહ્યો હતો. દરમિયાન પાછળ ઊભેલા બાળકને અડફેટે લેતા તેને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન વહેલી સવારે બાળકનું મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની જયશંકર બિંદ હાલમાં અશ્વિનીકુમાર રોડ પર આવેલી સૌરાષ્ટ્ર સોસાયટી વિભાગ-1ની ગલી નં.1માં પરિવાર સાથે રહે છે અને એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરે છે. શુક્રવારે સવારે સોસાયટીમાં ગણેશ વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી જયશંકરનો ચાર વર્ષનો પુત્ર શુભમ તેની મોટી બહેન સંધ્યા તથા અન્ય બાળકો સાથે ગણેશ વિસર્જન જોવા માટે ગયો હતો. દરમિયાન કાળા રંગની કિયા કાર ત્યાં આવી હતી. આગળ ગણેશ વિસર્જનની પ્રક્રિયા ચાલી રહી હોવાથી કારચાલક કારને રિવર્સ લઈ રહ્યો હતો. ત્યારે પાછળ ઊભેલા શુભમને કારની અડફેટે આવી જતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ખાસ કરીને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા શુભમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં, સારવાર દરમિયાન આજે વહેલી સવારે ચાર વર્ષના માસૂમ શુભમનું મોત નિપજતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. શુભમ પ્લેગ્રુપમાં અભ્યાસ કરતો હતો.

# ગણેશજીની પ્રતિમા ઊંચકીને તળાવમાં આપતી વખતે જ યુવાનને ખેંચ આવતાં મોત

**બારડોલીનો** વિશાલ હળપતિ મગોબ કૃત્રિમ તળાવમાં મજૂરી માટે આવ્યો હતો, અચાનક ઢળી પડતાં 108 મારફતે સ્મીમેર ખસેડાયો પણ બચાવી શકાયો નહીં

સુરતઃ બારડોલીથી મજૂરી માટે સુરત આવી કુત્રિમ તળાવમાં કામ કરતાં યુવાનનું વિસર્જન કામગીરી વખતે જ ખેંચ આવતાં મોત થયું હતું.

બારડોલીના નવી ગિરનાર રોડ ખાતે આવેલી જનતા કોલોનીમાં રહેતો 28 વર્ષીય વિશાલ ખુટિયાભાઈ હળપતિ બે સંતાનો સહિતના પરિવાર સાથે રહેતો હતો અને ખેતમજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગણેશ વિસર્જનને પગલે વિશાલ પણ મજૂરી કામ માટે બારડોલીથી સુરતના ગોડાદરા-મગોબ વિસ્તારમાં આવેલા કૃત્રિમ તળાવ ખાતે આવ્યો હતો. રાત્રિના આશરે 11 વાગ્યાના સુમારે મંડપમાંથી નોંધણી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ગણેશજીની પ્રતિમા તળાવ સુધી લઈ જવામાં આવી રહી હતી. દરમિયાન વિશાલ પ્રતિમા ઊંચકીને તળાવમાં રહેલા અન્ય શ્રમિકને આપતો હતો ત્યારે અચાનક તેને ખેંચ આવી હતી અને તે ત્યાં જ ઢળી પડ્યો હતો. ઘટનાને પગલે અન્ય શ્રમિકો દ્વારા તેને તાત્કાલિક સારવાર માટે 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં, હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે ગોડાદરા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોટી પ્રતિમાને કારણે નાની પ્રતિમાની સ્થાપના ઓછી, વિસર્જનમાં 8 હજાર ઘટી

**ગત** વર્ષે કુલ વિસર્જિત પ્રતિમાઓની સંખ્યા 71,222 હતી તેની સામે આ વર્ષે સંખ્યા ઘટીને 62,519 થઈ ગઈ



સુરતઃ સુરતમાં મોટી પ્રતિમાઓની સ્થાપનાના વધી રહેલા ટ્રેન્ડને કારણે નાની પ્રતિમાઓની સ્થાપનાઓ ઘટી રહી છે. ગત વર્ષની સરખામણીમાં સુરતમાં આ વખતે વિસર્જિત કરાયેલી પ્રતિમાઓની સંખ્યામાં 8 હજારથી વધુનો ઘટાડો થયો છે.

ગત વર્ષે તમામ 21 કૃત્રિમ તળાવોમાં થઈને કુલ 61,899 મૂર્તિઓ વિસર્જિત થઈ હતી, જેની સામે આ વર્ષે 51,973 પ્રતિમાઓનું જ વિસર્જન થયું છે, એટલે કે કૃત્રિમ તળાવોમાં જ 9,926 મૂર્તિઓનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. ખાસ કરીને ડિંડોલી કૃત્રિમ તળાવમાં ગત વર્ષના 12,522 સામે આ વર્ષે માત્ર 6,640 (5,882નો ઘટાડો), ગોડાદરામાં 8,248 સામે 3,823 (4,425નો ઘટાડો) અને સરથાણામાં 4,811 સામે 3,960 મૂર્તિઓનું વિસર્જન થતાં અહીં સૌથી મોટો તફાવત સર્જાયો છે. આ સિવાય મગોબ, મોટા વરાછામાં સિલ્વર ચોક અને કોસાડ એચ.ડી. જેવા વિસ્તારોમાં પણ વિસર્જિત પ્રતિમાઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, કેટલાક કૃત્રિમ તળાવો અને કુદરતી ઓવારાઓ પર ગત વર્ષ કરતા પ્રતિમાઓની સંખ્યામાં આંશિક વધારો પણ જોવા મળ્યો છે. કુદરતી ઓવારાઓની વાત કરીએ તો, કુલ વિસર્જન ગત વર્ષના 9,323થી વધીને આ વર્ષે 10,546 થયું છે (1,223 નો વધારો), જેમાંથી મુખ્યત્વે હજીરા ઓવારા પર ગત વર્ષના 4,396 સામે આ વર્ષે 6,412 મૂર્તિઓ (2,016 નો વધારો) વિસર્જન થયું છે. કૃત્રિમ તળાવોમાં મોટા વરાછા (3,261 સામે 3,744), કતારગામ ડી-માર્ટ (3,949 સામે 4,551), ભેસ્તાન અને સચિન સુડા-3 જેવા વિસ્તારોમાં વિસર્જન વધ્યું છે. હજીરા ખાતે વિસર્જન વધવા છતાં, ડિંડોલી, ગોડાદરા અને સરથાણા જેવા મોટા કૃત્રિમ તળાવોમાં થયેલા ભારે ઘટાડાના કારણે આ વર્ષે કુલ વિસર્જનનો આંકડો ઘટ્યો હતો.



ભલે હોય વિષય શ્રદ્ધાનો પણ પુરાવા આવા કેમ મળે છે?!

# બીજા દિવસે કિચડમાં રઝળતી 3 હજારથી વધુ પ્રતિમા મળી

**ડિંડોલી**-ખરવાસાની નહેરોમાંથી શ્રી માધવ ગૌશાળાના 200થી વધુ સેવકોએ પ્રતિમા બહાર કાઢીને મગદલ્લા ઓવારાએ વિસર્જન કર્યું

સુરતઃ ગણેશોત્સવ દરમિયાન ડિંડોલી-ખરવાસા વિસ્તારની નહેરોમાં અર્ધવિસર્જિત અને રઝળતી હાલતમાં રહેલી 3,000થી વધુ ગણેશજીની પ્રતિમાઓને સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત માધવ ગૌશાળાના 200થી વધુ ગૌસેવકોએ બહાર કાઢી નેશનલ ફાઈટર ક્લબના સહયોગથી મગદલ્લા ઓવારા ખાતે ધાર્મિક વિધિપૂર્વક વિસર્જિત કરવામાં આવી હતી. સંસ્થાપક આશિષ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, સંસ્થા છેલ્લા 10 વર્ષથી યોગ્ય અને ધાર્મિક રીતે ગણેશ વિસર્જન કરવા અભિયાન ચલાવી રહી છે.

# મેટ્રોને બુલેટ ટ્રેન સાથે જોડવા માટે 356 કરોડનો ખર્ચ કરાશે

**મેટ્રોના** છેલ્લા સ્ટેશન સારોલીથી બુલેટ ટ્રેનના સુરતના સ્ટેશન અંત્રોલી સાથે મેટ્રો ટ્રેન દોડાવાશે

**વચ્ચે** કલ્પતરુ, અંબાબા કોલેજ અને અંત્રોલી એમ ત્રણ મેટ્રો સ્ટેશન બનશે, ટેન્ડર ઈસ્યુ કરાયું

### મેટ્રોને ડ્રીમ સિટીથી એરપોર્ટ સુધી લંબાવવા માટે પણ ઝડપી કામગીરી જરૂરી

મેટ્રોના ડ્રીમ સિટીના સ્ટેશનથી એરપોર્ટ સુધી મેટ્રોને લંબાવવા માટે અગાઉ વિચારણા કરવામાં આવી હતી પરંતુ ત્યારબાદ તેમાં કોઈ જ નક્કર પ્રગતિ થઈ નથી. વચ્ચે મેટ્રોની ત્રીજી લાઈન બનાવીને એરપોર્ટ સુધી લઈ જવાની ચર્ચાઓ પણ ઉઠી હતી પરંતુ ડ્રીમસિટીથી જો મેટ્રોને એરપોર્ટ સુધી લઈ જવામાં આવે તો તે ઘણું જ સરળ થાય તેમ છે. મેટ્રો રેલ કોર્પોરેશને આ માટે બુલેટ ટ્રેન માટેની જેમ ઝડપી કામગીરી કરવી જોઈએ.

સુરતઃ સુરત શહેરીજનોને વધુ ઝડપી, સુરક્ષિત અને આધુનિક જાહેર વાહનવ્યવહારની સુવિધા પૂરી પાડવાના હેતુથી મેટ્રો રેલ પ્રોજેક્ટના વિસ્તરણ સાથે તેને બુલેટ ટ્રેન સાથે જોડવા માટેની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી છે. મેટ્રોનો આ રૂટ લંબાવવા માટે હાલના છેલ્લા સ્ટેશન સારોલીથી અંત્રોલી સુધીના રૂટ લંબાવવાનો મહત્ત્વનો નિર્ણય લઇને ટેન્ડર પ્રક્રિયા પણ જાહેર કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય મેટ્રોના મુસાફરોને સીધી બુલેટ ટ્રેન સુધીની સુવિધા આપવાનો અને બુલેટ ટ્રેન સ્ટેશને ઊતરતા મુસાફરો સુરત શહેરમાં સરળતાથી પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકે તેવો ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. રૂ. 356 કરોડના અંદાજિત ખર્ચે તૈયાર થનારા આ 4.4 કિલોમીટર લાંબા એલિવેટેડ રૂટ પર કલ્પતરૂ, અંબાબા કોલેજ અને સુરત હાઇ સ્પીડ રેલ એમ કુલ 3 નવા આધુનિક મેટ્રો સ્ટેશનો આકાર લેશે. બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં એલિવેટેડ વાયડક્ટના નિર્માણ સાથે જ ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ ક્ષેત્રના વિવિધ કામગીરીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

# પલસાણામાં રસીકરણ કેમ્પમાં અન્ય ગોળી અપાતાં 5 બાળક હોસ્પિ.માં

**મેડિકલ** ટીમની ગંભીર બેદરકારી સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી

પલસાણાઃ પલસાણામાં આરોગ્ય વિભાગની એક અતિ ગંભીર અને જીવલેણ બેદરકારી સામે આવી છે. પલસાણા શોપિંગ સેન્ટર ખાતે યોજાયેલા રસીકરણ કેમ્પમાં તાવની દવાના બદલે અન્ય કોઈ પ્રકારની દવા આપી દેવામાં આવતાં દોઢથી સાડા ત્રણ મહિનાના પાંચ માસૂમ બાળકોની તબિયત લથડી હતી. તમામ બાળકોને તાત્કાલિક અસરથી સુરતની અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યાં છે. આ સમગ્ર મામલે પલસાણા પોલીસ મથકમાં જાણવા જોગ નોંધ કરવામાં આવી છે.

ગત તારીખ ૨૩ સપ્ટેમ્બરના રોજ કણાવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પલસાણા શોપિંગ સેન્ટરમાં સવારે ૧૦થી સાંજે ૪ વાગ્યા દરમિયાન રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મેડિકલ ટીમ દ્વારા બાળકોને રસી (વેક્સિન) આપવામાં આવી હતી. રસી આપ્યા બાદ વાલીઓને તાવ માટે આપવાની ગોળીઓની જગ્યાએ મેડિકલ ટીમ દ્વારા ભૂલથી અન્ય કોઈ પ્રકારની ગોળીઓ આપી દેવામાં આવી હતી. વાલીઓએ ઘરે જઈને બાળકોને આ દવા આપતાં તેની ગંભીર આડઅસર થઈ હતી અને બાળકોની તબિયત અચાનક બગડવા લાગી હતી.

ખોટી દવાની આડઅસરના કારણે કુલ પાંચ બાળકોને અસર પહોંચી છે. ભોગ બનનાર બાળકોમાં ત્રણ માસ અને ૨૩ દિવસના નયન અમનભાઈ સારણ, બે માસની ટીસા ગૌતમ બૈસાને, અઢી માસના શિવાંશ માનીશકુમાર કુશવાહા, સાડા ત્રણ માસની પ્રિયાંશી પાંડે અને દોઢ માસની તપસ્વી હુનચાલીનો સમાવેશ થાય છે. આ બાળકોને સારવાર માટે તાત્કાલિક સુરત ખસેડવામાં આવ્યાં હતાં, જેમાંથી નયન નામનું બાળક અર્ધબેભાન હાલતમાં હોવાથી તેને સુરતની નિર્મળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. જ્યારે ટીસાને પર્વત પાટિયા સ્થિત નિલેશ ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરાઈ છે, જે હાલ ભાનમાં છે. આ ઉપરાંત અન્ય ત્રણ બાળકો શીવાંશ, પ્રિયાંશી અને તપસ્વી ને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ રખાયા છે, આ ત્રણેય બાળકો પણ હાલ ભાનમાં છે.

આ ગંભીર ઘટના અંગે ભોગ બનનાર બાળક નયનનાં માતા હેતલબેન સારણ (રહે.,પાદર ફળિયું, પલસાણા) દ્વારા પોલીસમાં જાહેરાત કરવામાં આવaતાં પલસાણા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ મામલાની વધુ તપાસ પલસાણા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.ડી. ઝીલરીયા ચલાવી રહ્યા છે.

# સુરતનો 14 વર્ષનો વિવાન રાજ્યનો સૌથી નાનો આંતરરાષ્ટ્રીય ચેસ માસ્ટર બન્યો

**સાત** વર્ષની ઉંમરે ચેસની શરૂઆત કરનાર સુરતના વિવાને બે દેશોમાં ત્રણ IM નોર્મ મેળવી સિદ્ધિ હાંસલ કરી; હવે ગ્રાન્ડ માસ્ટર બનવાનું સપનું



સુરતઃ સુરતના 14 વર્ષીય વિવાન વિશાલ શાહે ચેસની રમતમાં પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય માસ્ટર ટાઈટલ માટેની તમામ જરૂરી શરતો પૂર્ણ કરી ગુજરાતનો સૌથી નાનો આંતરરાષ્ટ્રીય માસ્ટર બનવાનું ગૌરવ મેળવ્યું છે. વિવાને મજબૂત આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ત્રણ IM નોર્મ મેળવી આ ટાઈટલની આવશ્યકતાઓ પૂર્ણ કરી છે. તેણે પ્રથમ IM નોર્મ ફેબ્રુઆરી 2025માં સર્બિયામાં યોજાયેલી રુડર રાઉન્ડ રોબિન ચેસ ટુર્નામેન્ટમાં મળ્યું હતું. ત્યારબાદ હંગેરીના બુડાપેસ્ટમાં યોજાયેલી સિક્સ ડેઝ સપ્ટેમ્બર ઓપન-નોર્મ એડિશનમાં બીજું નોર્મ મેળવ્યું હતું. જ્યારે સપ્ટેમ્બર 2026માં બુડાપેસ્ટ ખાતે યોજાયેલી સિક્સ ડેઝ બુડાપેસ્ટ GM નોર્મ ટુર્નામેન્ટમાં ત્રીજું અને અંતિમ IM નોર્મ મેળવી તેણે ટાઈટલની દિશામાં મહત્વનું પગલું પૂર્ણ કર્યું.

વિવાનની ચેસ સફર માત્ર સાત વર્ષની ઉંમરે શરૂ થઈ હતી. ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશને વિવાનની સિદ્ધિ બદલ તેને, તેના પરિવાર, કોચ અને સહાયક ટીમને અભિનંદન પાઠવ્યા છે. એસોસિએશને વિવાનને GM ટાઈટલની સફર માટે શુભેચ્છા પાઠવી છે.